Extra No. 231

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVI] **THURSDAY, JUNE 26, 2025 / ASHADHA 5, 1947**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરી

હુકમ

સેક્ટર-૧૧, ગાંધીનગર, ૧૦મી જૂન, ૨૦૨૫

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને. ૧૯૫૧ના મુંબઈ ૨૨મા) ની કલમ-૩૭ ની પેટા કલમ-૩ હેઠળ હુકમ

નંબર: ડીસી/જીપીએ/જાહેરનામું/૩૭(૩)/વશી ૫૫૮૯ થી ૫૬૨૫/૨૦૨૫: ગાંધીનગર ગુજરાતનું પાટનગર છે. ગાંધીનગર શહેરી વિસ્તારમાં વિધાનસભા, સચિવાલય, રાજભવન, મંત્રીશ્રીઓના નિવાસસ્થાનો, ખાતાઓના વડાઓની કચેરીઓ, ઉદ્યોગ ભવન, બહુમાળી ભવન, એમ.એલ.એ. ક્વાર્ટર્સ, શાળા-કોલેજો જેવી સરકારી ઈમારતો આવેલી છે અને અવાર-નવાર ગાંધીનગર ખાતે વિવિધ મંડળો તેમની માંગણી અર્થે રજૂઆતો કરવા અને આવેદનપત્ર આપવા સારૂ પ્રતિનિધિ મંડળ દ્વારા રેલી સરઘસ સ્વરૂપે ગાંધીનગરમાં આવતાં જતા હોઈ અને સેક્ટર-૬ મેદાન ઉપવાસી છાવણી ખાતે વિવિધ મંડળો તથા વ્યક્તિઓ દ્વારા પ્રતિક ઉપવાસના કાર્યક્રમો ચાલુ હોઈ, કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે જોવાની ખૂબ જ જરૂરિયાત છે.

આ અંગે પોલીસ અધીક્ષકશ્રી, ગાંધીનગરની કચેરીના તા.૧૦/૦૬/૨૦૨૫ ના પત્ર નં.એલ.આઈ.બી/મીસે/જાહેરનામું/૩૯૦૫/૨૦૨૫ થી જરૂરી જાહેરનામું પ્રસિદ્ધ કરવા દરખાસ્ત રજૂ થયેલ છે. જે મને યોગ્ય જણાતાં, જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે નીચે જણાવેલ વિસ્તારમાં (જેનો આમાં સદરહું વિસ્તાર તરીકે ઉલ્લેખ કરેલ છે તે વિસ્તારમાં) વ્યક્તિઓની કોઈ મંડળી બનાવી સરઘસ કાઢવાની મનાઈ ફરમાવવાનું જરૂરી જણાય છે. જેથી હવે ગુજરાત પોલીસ અધિનિયમ (સને.૧૯૫૧ મુંબઈ ૨૨માં) ની કલમ-૩૭ ની પેટા કલમ-(૩) થી મને મળેલ સત્તાની રૂએ હું એન.આર.શર્મા. જી.એ.એસ.., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ગાંધીનગર આથી સદરહું વિસ્તારમાં તા.૧૨/૦૬/૨૦૨૫ના રોજ ૦૦:૦૦ કલાક થી તા.૨૬/૦૬/૨૦૨૫ કલાક ૨૪:૦૦ સુધીની મુદત માટે ચાર કરતાં વધુ વ્યક્તિઓને એકી સાથે કોઈપણ જગ્યાએ ભેગા થવા, કોઈ મંડળી, રેલી કે સરઘસ કાઢવા માટે મનાઈ ફરમાવું છું.

વિસ્તાર : ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તાર અને ગાંધીનગર જિલ્લાનો સમગ્ર મહેસૂલી વિસ્તાર

પ્રતિબંધ સિવાયનો વિસ્તાર :

- ફક્ત ઉપવાસીઓ માટે સેક્ટર-૬ માં પોલીસ સ્ટેશનના પાછળના ભાગે એન્ટ્રી રોડને અડીને લગભગ ૭૦ મી. × ૫૦ મી. વિસ્તાર
- સરકારી કાર્યક્રમો માટે મહાત્મા મંદિર, સેક્ટર-૧૩
- ટાઉન હોલ, સેક્ટર-૧૭
- સ્ટાફ ટ્રેનીંગ કોલેજ, સેક્ટર-૧૭
- સરકીટ હાઉસ, ગાંધીનગર.

વધુમાં હું આદેશ કરું છું કે, આ હુકમ નીચેનાને લાગુ પડશે નહીં.

(૧) ફરજ પર સરકારી નોકરીમાં અથવા રોજગારમાં હોય તે વ્યક્તિને.

(૨) ફરજ પર હોય તેવી ગૃહરક્ષક દળની વ્યક્તિને.

(૩) કોઈ લગ્નના વરઘોડાને તથા સ્મશાન યાત્રાને.

(૪) સંબંધિત મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રી તરફથી પોલીસ અભિપ્રાય મેળવી ખાસ કિસ્સામાં મંજૂરી આપવામાં આવેલ હોય.

આ જાહેરનામા અન્વયે ચાર કરતાં વધુ વ્યક્તિઓને એકી સાથે કોઈપણ જગ્યાએ ભેગા થવા, કોઈ મંડળી, રેલી કે સરઘસ કાઢવા માટે પોલીસ અભિપ્રાય મેળવી સંબંધિત મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રી ખાસ કિસ્સામાં સ્વવિવેક અનુસાર જાહેર સુલેહ શાંતિ જાળવણીને ધ્યાને લઈને મંજૂરી આપી શકશે.

હું એવો આદેશ કરું છું કે, આ હુકમને અસાધારણ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવો તથા સદરહું વિસ્તારમાં સહેલાઈથી દેખાઈ આવે તેવા સ્થળોએ તેની નકલો ચોટાડી અને સ્થાનિક વર્તમાનપત્રોમાં તેની જાહેરખબર આપી તેનું પ્રસારણ કરી પ્રસિદ્ધ કરવામાં આવે.

સદરહું હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર કોઈપણ વ્યક્તિ સદરહું અધિનિયમની કલમ-૧૩૫ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તા.૧૦/૦૬/૨૦૨૫ ના રોજ મારા સહી સિક્કા કરી આપ્યા.

એન. આર. શર્મા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ગાંધીનગર

Signature Not Verified
Signed by:BHOLUSINGH G THAKUR
Date: 2025.07.01 16:37:26 +05:30
Reason: Validate Document
Location: Government Central Press, Gandhinagar